
પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૨) અંક નં. ૭૫ | ૨૬ મે, ૨૦૧૭, શુક્રવાર ; જયેષ્ઠ સુદ - ૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# અડવાણી, જોશી, ઉમાને કોર્ટમાં હાજર થવા આદેશ

## બાબરી કેસમાં સુનાવણી ચલાવી રહેલી ખાસ કોર્ટે હવે ૩૦મી મેના દિવસે ઉપસ્થિત થવાનો આદેશ કર્યો : ૩૦મીએ જ આરોપો ઘડાય તેવી સંભાવના : ભાજપના વરિષ્ઠ નેતાઓની મુશ્કેલીમાં વધુ વધારો થયો





નવી દિલ્હી, તા.૨૫

સનસનાટીપૂર્ણ બાબરી મસ્જિદ ધ્વંસ કેસમાં સુનાવણી કરી રહેલી ખાસ સીબીઆઈ અદાલતે ૩૦મી મેના દિવસે તેની સામે ઉપસ્થિત થવા ભાજપના વરિષ્ઠ નેતા એલ.કે. અડવાણી, ઉમા ભારતી અને મુરલી મનોહર જોશીને આજે આદેશ કર્યો હતો. ખાસ અદાલતે ગયા સપ્તાહમાં આ કેસમાં દરરોજની સુનાવણી હાથ ધરી હતી. છઠ્ઠી ડિસેમ્બર ૧૯૯૨ના દિવસે અયોધ્યામાં બાબરી મસ્જિદને તોડી પાડવાના કાવતરામાં ભાજપના આ નેતાઓની કોઈ ભૂમિકા છે કે કેમ તેમાં તપાસ કરવા દરરોજની સુનાવણી હાથ ધરવામાં આવી હતી. અગાઉના કોર્ટના આદેશ મુજબ જ અડવાણી, ઉમા ભારતી ને જોશીને આરોપો તેમની સામે ઘડવામાં આવે ત્યારે ઉપસ્થિત રહેવા કહેવામાં આવ્યું છે. ૩૦મી મેના દિવસે આ તમામને ઉપસ્થિત થવા માટે કહેવામાં આવ્યું છે. આનો મતલબ એ થયો કે ખાસ અદાલત એજ દિવસે તમામની સામે આરોપો ઘડે તેવી શક્યતા છે. કોર્ટે કહ્યું છે કે કોઈપણ વ્યક્તિ કાયદાથી ઉપર નથી.

● અનુસંધાન પાન-૭ પર

## લશ્કર-એ-તોયબાનો લીડર દુજાના છઠ્ઠી વખત બચી ગયો

### સ્થાનિક લોકોની મદદથી ફરાર થવામાં સફળ : સેનાએ મંગળવારની રાત્રેજ ત્રાસવાદીને ઘેરી લીધો હતો પણ સ્થાનિક લોકોના પથ્થરમારાના પરિણામે ફરાર થયો



પુલવામા,તા. ૨૫

ભારતીય સેનાના તમામ પ્રયાસ કાશ્મીરમાં લશ્કરે તોયબાનો કુખ્યાત કમાન્ડર અબુ દુજાના છઠ્ઠી વખત ફરાર થઈ જવામાં સફળ રહ્યો છે. સુરક્ષા દળોએ મંગળવારના દિવસે જ ઓપરેશન દરમિયાન તેને ચારેબાજુથી ઘેરી લીધો હતો પરંતુ તે સ્થાનિક લોકોની મદદથી ફરાર થવામાં સફળ રહ્યો હતો. સુરક્ષા દળો સાથે અથડામણ અને સ્થાનિક લોકો દ્વારા કરવામાં આવી રહેલા પથ્થરમારાના કારણે તે લાભ લઈને ફરાર થઈ ગયો હતો. કાશ્મીરમાં તોયબાની તમામ ગતિવિધીને દુજાના જ અંજામ આપે છે. વર્ષ ૨૦૧૫માં ઉધમપુરમાં બીએસએફના કાફલા પર કરવામાં આવેલા હુમલા, પંપોરમાં કરવામાં આવેલા ત્રાસવાદી હુમલા અને અન્ય અનેક હુમલામાં તેની સીધી સંડોવણી હતી. સુરક્ષા દળોને મંગળવારે સાંજે બાતમી મળી હતી કે દુજાના પોતાના બે સાગરીતો સાથે હકિરપુરમાં

● અનુસંધાન પાન-૭ પર

# હેલિકોપ્ટર દુર્ઘટનામાં ફડનવીસનો ચમત્કારિક બચાવ

## ઉડાણ ભર્યા બાદ હેલિકોપ્ટર દુર્ઘટનાગ્રસ્ત : મુખ્યપ્રધાન સહિતના તમામ છ લોકો બિલકુલ સુરક્ષિત રહેતા તંત્રને રાહત ટેકનિકલ ખામી સર્જાયા બાદ હેલિકોપ્ટરને ઉતરાણ કરાવતી વેળા જ દુર્ઘટના



મુંબઈ,તા. ૨૫

મહારાષ્ટ્રના મુખ્યપ્રધાન દેવેન્દ્ર ફડનવીસ અને અન્ય પાંચ લોકોનો આજે સવારે હેલિકોપ્ટર દુર્ઘટનામાં સહેજમાં બચાવ થયો હતો. લાતુરમાં તેમના હેલિકોપ્ટરે ઉડાણ ભરી હતી પરંતુ તે તરત જ તુટી પડ્યુ હતુ. જો કે આ બનાવમાં મુખ્યપ્રધાન સહેજમાં બચી ગયા હતા. મુખ્યપ્રધાને પોતે સુરક્ષિત હોવાની માહિતી મોડેથી સોશિયલ મિડિયા મારફતે આપી હતી. હેલિકોપ્ટરમાં રહેલા અન્ય તમામ પ્રવાસીઓ પણ બિલકુલ સુરક્ષિત હોવાની માહિતી મળી છે. અહેવાલ મંજબ મુખ્યપ્રધાન લાતુરથી નિકળ્યા જ હતા કે આ બનાવ બન્યો હતો. હેલિકોપ્ટરમાં તેમની સાથે ઓએસડી પ્રવીણ પરદેશી ઉપરાંત બે અન્ય સ્ટાફના સભ્યો હતા. સારી બાબત એ છે કે મુખ્યપ્રધાન સંપૂર્ણપણે સુરક્ષિત છે. જો કે ક્રેશના કારણે હેલિકોપ્ટરને ભારે નુકસાન થયુ હતુ. હેલિકોપ્ટર દુર્ઘટના સાથે જોડાયેલા નિષ્ણાંતો માની રહ્યા છે કે હેલિકોપ્ટર વધારે ઉચાઉથી ન પડતા ખુવારી ટળી ગઈ છે. બનાવ બનતાની સાથે અધિકારીઓ અને તંત્રમાં ભારે ભાગદોડ મચી ગઈ હતી.

● અનુસંધાન પાન-૭ પર

## ભારત વિશ્વભરમાં સૌથી વધારે વસ્તી ધરાવતો દેશ

### ચીન દ્વારા વસ્તી વિસ્ફોટને રોકવા માટે પગલા લેવાયા : ભારતની વસ્તી ચીન કરતા વધારે થઇ : રિપોર્ટ



નવી દિલ્હી,તા. ૨૫

તાજેતરમાં જારી કરવામાં આવેલા એક નવા રિપોર્ટમાં દાવો કરવામાં આવ્યો છે કે ભારતની વસ્તી ચીન કરતા વધારે થઈ ગઈ છે. અમેરિકાની યુનિવર્સિટી ઓફ વિસ્કોન્સિસ મેડીસીનના પ્રોફેસર યી ફુક્સિયાને દાવો કર્યો છે કે ચીનમાં વસ્તી વિસ્ફોટને રોકવા માટે વિવિધ પગલા લેવામાં આવી રહ્યા છે. કઠોર નિયમોને અમલી કરવાના કારણે ચીનમાં વસ્તીને કાબુમાં લેવામાં સફળતા મળી છે. બેજિંગમાં ગયા સપ્તાહમાં જ એક પત્રકાર પરિષદ યોજીને તેમણે જાહેરાત કરી હતી કે છેલ્લા ૨૬ વર્ષમાં ચીનમાં નિષ્ણાંતોએઓ દેશની વસ્તીને નવ કરોડ વધારે દર્શાવી છે. ગયા વર્ષના છેલ્લા સુધી તેની વસ્તી ૧.૨૯ અબજ હતી. તેમણે કહ્યુ હતુ કે વાસ્તવિક આંકડો ૧.૨૯ અબજ છે. પરંતુ સરકારને લાગે છે કે આ આંકડો ૧.૩૮ અબજનો છે. તેમણે કહ્યુ હતુ કે ભારતની વસ્તી હાલમાં કદાચ ૧.૩૨ અબજની છે. એવી દલીલ આપવામાં આવી છે કે તેના પગલા સ્પષ્ટ સાબિતી આપે છે કે ચીનમાં વસ્તીમાં ઘટાડો થઈ રહ્યો છે. ચીને વર્ષ ૨૦૧૫માં એક બાળકની પોલીસીની નીતિને બદલીને દેશમાં બે બાળકોવાળી નિતી લાગુ કરી હતી.

તેમણે કહ્યુ હતુ કે તેમની તપાસમાં કેટલાક નવા પાસા રજૂ કરવામાં આવ્યા છે. ચીન અને ભારત દુનિયામાં સૌથી વધારે વસ્તી ધરાવતા દેશ

● અનુસંધાન પાન-૭ પર

## અધિકારીઓના રેકોર્ડ પર ઓનલાઈન નજર રખાશે

### મોદી સરકાર વધુ અસરકારક કામગીરી કરશે : તમામ અધિકારીઓના સર્વિસ રેકોર્ડના મુલ્યાંકનનો હેતુ

નવી દિલ્હી,તા. ૨૫

વાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં એનડીએ સરકાર હવે અધિકારીઓના કામકાજ પર નજર રાખવા માટે ઓનલાઈન સિસ્ટમ તૈયાર કરી ચુકી છે. આના મારફતે અધિકારીઓના સર્વિસ રેકોર્ડનુ મુલ્યાંકન પણ સારી રીતે કરી શકાશે. ખરાબ પ્રદર્શન કરનાર અધિકારીઓ અથવા તો ઓછા ઈમાનદાર અધિકારીઓની નિવૃતિ અંગે નિર્ણય કરવામાં આવનાર છે. ડિપોર્ટમેન્ટ ઓફ પર્સનલ એન્ડ ટ્રેનિંગે હાલમાં અન્ય મંત્રાલયની સાથે મળીને ઓનલાઈન પ્રોબિટી મેનેજમેન્ટ સિસ્ટમની શરૂઆત કરી છે. આના મારફતે અધિકારીઓની ઈમાનદારી અને પ્રદર્શનના સ્તરનુ મુલ્યાંકન કરવામાં આવનાર છે.

● અનુસંધાન પાન-૭ પર

## શેરબજારમાં તીવ્ર તેજી

### સેન્સેક્સ ૪૪૮ પોઈન્ટ ઉછળીને બંધ રહ્યો : હકારાત્મક પરીબળો વચ્ચે સેન્સેક્સ ૩૦૭૫૦ની રેકોર્ડ ઉંચી સપાટીએ

મુંબઈ,તા. ૨૫

શેરબજારમાં આજે જોરદાર તેજીનું મોજુ ફરી વળ્યું હતું. કારોબારના અંતે સેન્સેક્સ રેકોર્ડ ઉંચી સપાટી ઉપર પહોંચી ગયો હતો. નિફ્ટીમાં પણ જોરદાર તેજી જોવા મળી હતી. કારોબારીઓ આજે ખુશખુશાલ દેખાયા હતા. વૈશ્વિક શેરબજારમાં જોવા મળી રહેલા ઘટનાક્રમ અને હકારાત્મક પરીબળોની સીધી અસર આજે શેરબજાર ઉપર જોવા મળી હતી. આજે કારોબારના અંતે સેન્સેક્સ ૪૪૮ પોઈન્ટ ઉછળીને ૩૦૭૫૦ની સપાટીએ રહ્યો હતો. જ્યારે નિફ્ટી ૧૪૧ પોઈન્ટ ઉછળીને ૯૫૧૦ની સપાટીએ રહ્યો હતો. ઈન્ટ્રા ડેના કારોબાર દરમ્યાન સેન્સેક્સમાં ૪૯૨ પોઈન્ટ સુધીનો નોંધપાત્ર સુધારો રહ્યો હતો અને એક વખતે સપાટી ૩૦૭૯૩ સુધી પહોંચી હતી પરંતુ ત્યારબાદ તેમાં આંશિક ઘટાડો જોવા મળ્યો હતો. ઓલ ટાઈમ હાઈ સપાટીથી હવે માત્ર બે પોઈન્ટના અંતરે ઈન્ડેક્ષ રહી ગયા છે. બ્રોડર માર્કેટમાં છ સપ્તાહથી ચાલી રહેલી મંદી ઉપર આજે બ્રેક મુકાઈ હતી અને કારોબારના અંતે ક્રમશઃ ૧.૪ અને બે ટકા સુધીનો સુધારો રહ્યો હતો.

## માતૃભૂમિને નમન કરી ઉઝમાનો ભારતમાં પ્રવેશ

### પાકિસ્તાન એક મોતની જાળ તરીકે છે : પાકિસ્તાનમાં પ્રવેશ સરળ પણ નિકળવું અશક્ય : દરેક ઘરમાં બે ત્રણ અને ચાર ચાર પત્ની છે : તેના જેવી ઘણી મહિલાઓ ફસાયેલી છે : ઉઝમા



નવી દિલ્હી,તા. ૨૫

ભારત-પાક સરહદની વાઘા ચેકપોસ્ટ પર ભારતની ધરતીને પ્રણામ કરી પાકિસ્તાનમાં ફસાયેલી ઉઝમા વિધિવત રીતે ગુરૂવારે દેશમાં પાછી ફરી હતી.

બંદુકની અણીએ પાકિસ્તાની પુરૂષે લગ્નની ફરજ પાડ્યા બાદ ફસાઈ ગયેલી ભારતીય મહિલા ઉજમા અહેમદ ભારત પરત ફર્યા બાદ પાકિસ્તાનનું નિરાશાજનક ચિત્ર રજુ કર્યું છે. ઉજમાએ કહ્યું છે કે પાકિસ્તાન એક ડેથ ટ્રેપ તરીકે છે અથવા તો પાકિસ્તાન એક મોતની જાળ તરીકે છે અને પાકિસ્તાનમાં ફસાઈ ગયા બાદ બચવાની બાબત ખુબ જ મુશ્કેલ છે. ભારત પરત ફર્યા બાદ ઉજમા અહેમદે પાકિસ્તાનમાં રહેલી સ્થિતિની વાત કરી હતી. ઉજમાએ કહ્યું છે કે પાકિસ્તાનમાં પ્રવેશ કરવાની બાબત સરળ છે પરંતુ પાકિસ્તાનને છોડવાની બાબત ખૂબ જ અશક્ય તરીકે

● અનુસંધાન પાન-૭ પર

## ન્યુઝ ટ્રેક

### જકાર્તામાં સિરિયલ બ્લાસ્ટ

ઈન્ડોનેશિયાની રાજધાની



જકાર્તાના પૂર્વિય ભાગમાં બસસ્ટેશન પાસે બે બોમ્બ બ્લાસ્ટ થતાં પોલીસ અધિકારીનું મૃત્યુ થયુ હતુ. નજરે જોનારાઓનું માનીએ તો વિસ્ફોટમાં મોટી સંખ્યામાં મૃત્યુ થયાં હોવાનું ચર્ચાય છે.

### સહારનપુરમાં ઈન્ટરનેટ સેવા બંધ

યુપીના સહારનપુરમાં છેલ્લા



એક માસથી વકરતી હિંસાને પગલે સમગ્ર શહેરમાં ૧૪૪મી કલમ લાગુ કરી ઈન્ટરનેટ સેવા તાત્કાલિક અસરથી બંધ કરાઈ છે. અત્રે ઉલ્લેખનીય છે કે કલેક્ટર અને ડીએસપી બંનેને તાત્કાલિક અસરથી ખસેડી લેવાયા છે.

### બે દિગ્ગજ અભિનેતાઓ એક મંચ પર

હોલીવુડ સ્ટાર બ્રાડ પીટ તેની




નવી ફિલ્મ 'ફોર મશીન'ના પ્રચાર માટે ભારત આવ્યા છે. બ્રાડ પીટ સાથે બોલીવુડના બાદશાહ શાહરૂખખાન પણ જોડાયા હતા અને વિવિધ રસપ્રદ ચર્ચાઓ કરી હતી.

## બંગાળમાં ભાજપ સમર્થકો પર લાઠીચાર્જ

કોલકતા,તા. ૨૫

પશ્ચિમ બંગાળના પાટનગર કોલકતામાં ભાજપના વિરોધ પ્રદર્શન દરમિયાન આજે સ્થિતિ તંગ થઈ ગઈ હતી. પોલીસે ભાજપના દેખાવકારોને રોકવા માટે જોરદાર લાઠીચાર્જ કર્યો હતો. તેમના પર પાણીનો મારો પણ ચલાવ્યો હતો. ભાજપ રાજયમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિને સુધારવાને લઈને લાલ બજાર સુધી માર્ચ યોજી રહ્યું હતું ત્યારે આ બનાવ બન્યો હતો. અહેવાલ મુજબ ભાજપના આ વિરોધ પ્રદર્શન દરમિયાન કોઈપણ અનિચ્છનિય બનાવને રોકવા માટે પહેલાથી જ ૨૫૦૦થી વધુ પોલીસ જવાનો તૈનાત કરાયા હતા. સાથે સાથે લાલબજાર અને આસપાસના વિસ્તારોમાં સીઆરપીસીની કલમ ૧૪૪ લાગુ કરવામાં આવી હતી.

તમામ પોલીસ જવાનોને લાલબજાર તરફ જતા માર્ગો ઉપર તૈનાત કરવામાં આવ્યા હતા. લાલબજારમાં પ્રવેશ કરવાના તમામ ગેટ ઉપર સુરક્ષાના ભાગરૂપે બેરીકેડ મુકી દેવામાં આવ્યા હતા.

## નવી આરંભાયેલી સુવિધા સભર તેજસ ટ્રેનમાંથી ૧૨ હેડફોન ગાયબ

મુંબઈ,તા. ૨૫

ભારતીય રેલવેમાં સરકાર ભલે કેટલી પણ સુવિધા આપે પરંતુ જ્યાં સુધી ટ્રેનમાં મુસાફરી કરનાર લોકો પોતાની જવાબદારીને સમજશે નહીં ત્યાં સુધી સુવિધાઓનો લાભ મેળવી શકાશે નહીં. જાહેર સંપત્તિને નુકસાન ન પહોંચાડવાની જવાબદારીને જ્યાં સુધી સામાન્ય લોકો સમજશે નહીં ત્યાં સુધી સુવિધાઓનો લાભ તમામ યાત્રીઓ ઉઠાવી શકશે નહીં અને સરકારના તમામ પ્રયાસ નિષ્ફળ રહેશે.

આવી જ સ્થિતિ તેજસ એક્સપ્રેસ ટ્રેનમાં પણ થઈ છે. તેજસ એક્સપ્રેસની પ્રથમ યાત્રામાં જ હેડ ફોનની ચોરી થઈ ગઈ છે. એલઈડી સ્ક્રીનને પણ નુકસાન પહોંચાડવામાં આવ્યા છે. ભારતીય રેલવેએ હાલમાં જ પોતાની પ્રથમ હાઈસ્પીડ ટ્રેન તેજસને સામાન્ય યાત્રીઓ માટે શરૂ કરી હતી.

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda,
Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય

